# કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી કેન્દ્ર દ્વારા પ્રાકૃતિક ખેતી વિષે નેનપુર ખાતે તા. ૨૮-૧૦-૨૦૨૪ ના રોજ ખેડૂત શિબિરકાર્યક્રમ યોજાયો.

માનનીય માજી ધારાસભ્યશ્રી, મહેમદાવાદ ગૌતમભાઇ ચૌહાણ નેનપુર ખાતે આયોજીત પ્રાકૃતિક ખેતીમાં સંશોધન અને વિસ્તરણ પ્રવૃત્તિઓના વિષે વાકેફ કર્યા અને કામગીરીને બિરદાવેલ. કુદરતી ખેતી વિશે જાગૃતિ વધારવા માટે કૃષિ સંશોધન કેન્દ્ર , આણંદ કૃષિ યુનિવર્સિટી, સણસોલી દ્વારા તા .૨૮-૧૦-૨૪ના રોજ માનનીય વાઇસ ચાન્સેલર, ડો.કે.બી. કથીરિયાના સક્ષમ નેતૃત્વ અને ડો.ડી.બી.પ્રજાપતિ, સહ સંશોધન વૈજ્ઞાનિક ના માર્ગદર્શન હેઠળ નેનપુર ગામે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું . આ કાર્યક્રમમાં પુર્વ ધારાસભ્યશ્રી , ગૌતમભાઇ ચૌહાણ, સરપંચશ્રી બીપીનભાઇ પટેલ, માજી સરપંચશ્રી સોમાભાઇ , પ્રગતિશીલ ખેડુતશ્રી નટુભાઇ , રાકેશભાઇ, ૯૫ ખેડુતોએ હાજરી આપી હતી . માનનીય માજી ધારાસભ્યશ્રી, ગૌતમભાઇ ચૌહાણને કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, સણસોલી દ્વારા હાથ ધરાયેલી સંશોધન અને વિસ્તરણ પ્રવૃત્તિઓ પર પ્રકાશ પાડ્યો હતો અને ખેડૂતોને આણંદ યુનિવર્સિટીની વિવિધ જાતો અપનાવવા અને અન્ય તકનીકી તેમજ વૈજ્ઞાનિકોનું માર્ગદર્શન લેવા સલાહ આપી હતી . ડો.ભરતભાઇ ઠક્કર, મદદનીશ વિસ્તરણ ક્ષણશાસ્ત્રી,કુદરત ખેતીની અગત્યતા, જીવામ્રુત, ઘનામ્રુત, બીજામ્રુત, નિમાસ્ત્ર, બ્રમાશ્ત્ર, અગિઅસ્ત્રની અગત્યતા અને બનાવવાની પધ્ધ તિ, નફાકારક ખેતી માટે ફાર્મ મેનેજમેન્ટ, સોઈલ હેલ્થ કાર્ડનું મહત્વ, માટીના નમૂના લેવાની પ્રક્રિયા, મૂલ્યવર્ધન વગેરે વિશે માહિતી આપી હતી.






ફાર્મ ટેકનોલોજી ટ્રેનીંગ સેન્ટર
કૃષિ સંશોધન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી, નેનપુર-સણસોલી
પ્રાકૃતિક ખેડુત તાલીમ
(ઓફ કેમ્પસ)
તારીખ તા.૨૭/૧૦/૨૪ ગામ : નેનપુર તાલુકો :મહેમદાવાદ